RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 331* Date: 28.09.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ૬ થી ૭ શહેરોમાં પીએફઆઇના ઘણા સ્થળોએ એનઆઇએના દરોડા




નવીદિલ્હી,તા.૨૭

દેશભરના અનેક રાજ્યોના ૬ થી ૭ શહેરોમાં પીએફઆઈના ઘણા સ્થળો પર એનઆઈએ દ્વારા દરોડા પાડવામા આવ્યા છે.પીએફઆઇ પર એનઆઈએની કાર્યવાહીનો રેલો ગુજરાત સુધી પહોંચ્યો છે. અમદાવાદ, સુરત અને બનાસકાંઠામાં એટીએસ દ્વારા દરોડા પાડવામા આવ્યા છે. ગુજરાત એટીએસએ આ સંદર્ભે ૧૫ લોકોની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી છે પીએફઆઇના રાજકીય પક્ષ એસડીપીઆઇના લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. ત્યારે વિદેશમાં બેઠેલા લોકો સાથે તાર જોડાયા હોવાની આશંકા છે.

ટેરર ફંડિંગ પર નાકાબંધી કરવા માટે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના નિર્દેશ પર દેશની અન્ય એજન્સીઓએ ફરી એકવાર પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના ઘણા સ્થળો પર દરોડા પાડ્યા છે. આઠ રાજ્યોમાં દરોડા દરમિયાન કર્ણાટકના કોલારમાંથી છ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ સિવાય એસડીપીઆઈના સેક્રેટરીની પણ ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એટીએસ દ્વારા અમદાવાદ, સુરત અને બનાસકાંઠામાંથી ૧૫ લોકોની અટકાયત કરવામાં આવી છે. પીએફઆઇ ગુજરાતમાં સક્રિય નથી, પરંતુ તેનો રાજકીય પક્ષ એસડીપીઆઇ છે. સૂત્રોનું માનીએ તો, જે ૧૫ લોકોની પૂછપરછ કરવામાં આવી છે તેમના તાર વિદેશમાં બેઠેલા કેટલાક લોકો જોડે જોડાયેલા છે.

ઉલ્લેખનીય છે કે, ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન સહિત મધ્યપ્રદેશના ૬ થી ૭ શહેરોમાં પીએફઆઈના ઘણા સ્થળો પર એનઆઈએના દરોડા પડ્યા છે. દેશના ૮ રાજ્યોમાં ચાલી રહેલી આ કાર્યવાહીમાં એનઆઈએ ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, દિલ્હી, કેરળ, ગુજરાત, કર્ણાટક, આસામમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. પીએફઆઈના બેઝ પર તાબડતોડ દરોડા પાડવામાં આવ્યા છે. એમપીના અડધો ડઝન શહેરોમાં દરોડા પડતા ખળભળાટ મચી ગયો છે. એમપી સાથે ૭ રાજ્યોમાં દરોડા પાડવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, દિલ્હી, કેરળ, ગુજરાત, કર્ણાટક, આસામમાં એનઆઈએનું સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. એનઆઈએ દ્વારા આજના સર્ચ ઓપરેશનમાં સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી આઈબી અને રાજ્ય પોલીસની મહત્વની ભૂમિકા છે.

રિપોર્ટ્સ અનુસાર, ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, આસામ અને કર્ણાટક સહિત ૯ રાજ્યોમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા. મહારાષ્ટ્રના ઔરંગાબાદમાંથી ૮, કર્ણાટકના કોલારમાંથી ૬ અને આસામમાંથી ૭ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી છે.

આ સિવાય એલડીપીઆઇના સેક્રેટરીની પણ ધરપકડ કરવામાં આવી છે.એનઆઈએની ટીમે મંગળવારે સવારે દિલ્હીના શાહીન બાગમાં દરોડા પાડીને ૩૦ લોકોને કસ્ટડીમાં લીધા હતા. આમાંના કેટલાક વિશે એનઆઈએને મજબૂત માહિતી મળી છે, જ્યારે કેટલાકને શંકાના આધારે અટકાયતમાં લેવામાં આવ્યા છે. આ કાર્યવાહી દરમિયાન શાહીન બાગમાં કેન્દ્રીય સુરક્ષા દળ સીઆરપીએફ તહેનાત કરવામાં આવી હતી મધ્યપ્રદેશ એટીએસએ સોમવારે રાત્રે ભોપાલ, ઉજ્જૈન, ઈન્દોર સહિત ૮ જિલ્લાઓમાં પીએફઆઇ સ્થાનો પર દરોડા પાડીને ૨૨ શકમંદોની ધરપકડ કરી છે.

અગાઉ પકડાયેલા ૪ આરોપીઓની પૂછપરછ દરમિયાન એટીએસને આ શકમંદોની માહિતી મળી હતી. તેમની પાસેથી રાષ્ટ્ર વિરોધી ડોક્યુમેન્ટ અને ડિજિટલ દસ્તાવેજો મળી આવ્યા છે.

ગુજરાતના સુરત, નવસારી, બનાસકાંઠા અને અમદાવાદમાં વિવિધ સ્થળો પર સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ફરી એક વખત આતંકવાદી સંગઠન સાથે કનેક્ટેડ લોકોની શંકાના આધારે પૂછપરછ થઈ રહી હોવાની વિગતો સામે આવી રહી છે. પાકિસ્તાની સંગઠન પીએફઆઇ સાથે ગુજરાતના કેટલાક જગ્યાના લોકો સીધા કનેક્ટ થતા જે પાકિસ્તાની સંસ્થાના ફંડિંગ સાથે કનેક્ટેડ છે તેઓની બાતમીના આધારે અટકાયત કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદ, બનાસકાંઠા, દક્ષિણ ગુજરાતના નવસારી પાસેના સાત આઠ લોકોની કેટલીક બાતમીના આધારે અટકાયત કરીને ગુજરાત એટીએસની ઓફિસ લઈ જવામાં આવ્યા હતાં એનઆઈએના જણાવ્યા અનુસાર આ દરોડાનો બીજો રાઉન્ડ છે. પ્રથમ રાઉન્ડમાં, ૧૫ થી વધુ રાજ્યોમાં દરોડા દરમિયાન ૧૦૬ પીએફઆઇ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી.ધરપકડ કરાયેલા પીએફઆઇના કાર્યકરોની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે તેમની યોજનાઓ ખતરનાક છે અને તેનું નેટવર્ક આખા દેશમાં ફેલાયેલું છે. મધ્યપ્રદેશ સહિત મોટાભાગના રાજ્યોમાં પીએફઆઇના સિમી સાથે જોડાયેલ હોવાના પુરાવા પણ મળ્યા હતા. આ પછી, દેશની ગુપ્તચર અને સુરક્ષા એજન્સીઓએ પીએફઆઇના સમગ્ર નેટવર્કને શોધવાની કવાયત શરૂ કરી હતી. તેમની દેખરેખ ૨૦ રાજ્યો અને ૧૦૦ થી વધુ શહેરોમાં શરૂ થઈ. એવું જાણવા મળ્યું હતું કે પીએફઆઈને ખાડી દેશો સિવાય દેશના મોટા મુસ્લિમ ઉદ્યોગપતિઓ પાસેથી દાન મળી રહ્યું છે.ધરપકડ કરાયેલા લોકો પાસેથી મળેલા દસ્તાવેજો જણાવે છે કે તેઓ ભારતની સત્તા મેળવવા માંગે છે. તેમાં લખ્યું હતું કે ૨૦૪૭માં જ્યારે દેશ આઝાદીના ૧૦૦ વર્ષની ઉજવણી કરી રહ્યો હશે ત્યાં સુધીમાં ભારતને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવું પડશે. આ દસ્તાવેજમાં એવું પણ લખવામાં આવ્યું છે કે ૧૦% મુસ્લિમો પણ સાથ આપે, તો અમે કાયરોને ઘૂંટણિયે લાવી દઈશું.આ માટે, તેમની પાસે ૪ સ્તરોની સંપૂર્ણ યોજના છે.

## કેરળ હાઇકોર્ટનો ચુકાદોઃ ગર્ભપાત કરાવવા પતિની મંજૂરી લેવાની જરૂર નથી

કોચી,તા.૨૭

કેરળ હાઈકોર્ટે સોમવારે ઘરેલું હિંસાની પીડિતાને લઈને એક મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે, એક સ્ત્રીને ગર્ભપાત કરવવા માટે તેના પતિની મંજૂરી લેવાની જરૂર નથી.

કોર્ટે મેડિકલ ટર્મિનેશનલ પ્રેગ્નેન્સી એક્ટને ટાંકતા કહ્યુ હતુ કે, આ એક્ટ અંતર્ગત કોઈપણ સ્ત્રીને ગર્ભપાત કરાવવા માટે તેના પતિની મંજૂરી લેવી જ પડે તેવી કોઈ જોગવાઈ નથી. તેનું કારણ એ છે કે, તે સ્ત્રી જ ગર્ભાવસ્થાના તણાવ અને તાણ સહન કરતી હોય છે, જાણતી હોય છે. આ ઉપરાંત કોર્ટે જણાવ્યું હતું કે, 'સ્ત્રીના વૈવાહિક જીવનમાં લગ્ન કર્યા પછી મેરિટલ સ્ટેટ્સમાં બદલાવનો મોટો ફેરફાર થતો હોય છે. 'છૂટાછેડા' નામનો




શબ્દ તેને કોઈપણ રીતે બાધિત કરી શકતો નથી'

જસ્ટિસ વી.જી. વરુણે આ મામલે ચુકાદો આપ્યો હતો અને પરિણીત યુવતીને કોટ્ટયમ કે અન્ય કોઈ સરકારી હોસ્પિટલમાં ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી હતી. કોર્ટે કોટ્ટયમની ૨૧ વર્ષીય પરિણીત યુવતીની ગર્ભપાત અંગેની પિટિશન મામલે ચુકાદો આપ્યો હતો.પરિણીતાએ બી.એનો અભ્યાસ પૂરો કર્યો હતો, પરંતુ તેમાં એક પેપર બાકી રહી ગયું હતું. ત્યારે સપ્લિમેન્ટરી પરીક્ષા માટે તેણે એક કોમ્પ્યુટર કોર્સ શરૂ કર્યો હતો. તે દરમિયાન તેને એક ૨૬ વર્ષીય બસ કન્ડક્ટર યુવક સાથે પ્રેમ થઈ ગયો હતો. ત્યારે પિટિશનકર્તા યુવતીના પરિવારે આ સંબંધ સામે વાંધો ઉઠાવ્યો હતો. ત્યારે તે યુવક સાથે ભાગી ગઈ હતી. ત્યારે લગ્નના થોડાં સમય પછી યુવકની માતા અને યુવક તે યુવતી પર દહેજને લઈને શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતા હતા. ત્યારે જ તે પ્રેગ્નેન્ટ હતી. ત્યારબાદ પતિએ તેના બાળકને લઈને શંકા કરી હતી અને યુવતીને નાણાંકીય રીતે કે અન્ય કોઈ રીતે સપોર્ટ કરવાની ના પાડી દીધી હતી. ત્યારબાદ પતિ અને સાસુની ક્રૂરતા દિવસેને દિવસે વધતી જતી હતી. આખરે કંટાળીને પરિણીતાએ તે ઘર છોડી દીધું હતું.

કોર્ટે કહ્યુ હતુ કે, તેની સાથે કથિત રીતે ખરાબ વર્તન કરવામાં આવ્યું હતું. તેને કંટાળીને તેના પતિને પણ છોડી દીધું હતું અને તેને એકલા રહેવા ફરજ પાડી હતી. આ સિવાય પતિ અને માતા દ્વારા ક્રૂરતા પણ આચરવામાં આવી હતી અને ત્યારે અરજદારે પિટિશન દાખલ કરી હતી. હાઈકોર્ટની કાર્યવાહી દરમિયાન પણ પતિએ પત્નીને સ્વીકારવામાં કોઈ રસ દાખવ્યો નહોતો.મેડિકલ બોર્ડે આ મામલે અભિપ્રાય આપ્યો હતો કે, અરજદારનો ગર્ભપાત ન કરાવવામાં આવે તો તેમના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર નકારાત્મક અસર થઈ શકે છે. અરજદારા પતિ સાથે છૂટાછેડા અથવા છૂટાછેડાના પુરાવા આપતા કાયદાકીય દસ્તાવેજો ન હોવાથી ગર્ભપાત કરવા માટેની અરજી નકારી શકાશે નહીં. આ મામલે સરકારી વકીલે રજૂઆત કરી હતી કે, અરજદાર પરિણીત મહિલા હોવાથી ગર્ભધારણ સમાપ્ત કરવા અંગે પતિ-પત્નીએ સંયુક્ત નિર્ણય લેવો પડશે.

## યુપીમાં આઝમ ખાન અને તેમના પુત્રે સુરક્ષા પાછી હટાવી દીધી,ત્રણ ગનર તહેનાત હતા

લખનૌ,તા.૨૭

યુપીના રામપુરથી સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય આઝમ ખાન અને તેમના પુત્રે સરકાર તરફથી મળનારી સુરક્ષા લેવાનો ઈન્કાર કરી દીધો છે એ યાદ રહે કે આઝમ ખાન અને અબ્દુલ્લા આઝમની સુરક્ષામાં તહેનાત ચાર સુરક્ષા કર્મચારી હવે દિલ્હીથી રામપુર પાછા ફર્યા છે.

આઝમ ખાન દ્વારા સુરક્ષા પાછી મોકલવાને લઇ મીડિયા સાથે વાત કરતા વધારાના એસપી સંસાર સિંહે માહિતી આપી હતી કે ધારાસભ્ય આઝમ ખાનને વાઈ શ્રેણીની સુરક્ષા હેઠળ ત્રણ ગનર આપવામાં આવ્યા હતાં સુરક્ષા કર્મચારી રામપુર પોલીસ લાઇન પહોંચ્યા છે.તેમનું કહેવુ છે કે ૨૩ સપ્ટેમ્બરે તેમને દિલ્હીની સર ગંગા રામ હોસ્પિટલમાં તહેનાત કરવામાં આવ્યા હતાં પરંતુ તેમને પાછા જવા માટે કહેવામાં આવ્યું.તેમને કહેવામાં આવ્યું હતું કે તમારી જરૂરત નથી

સંસાર સિંહે વધુમાં કહ્યું હતું કે ત્રણેય ગનર પાછા આવી ગયા છે આઝમ ખાન જયારે પણ સુરક્ષાની માંગ કરશે તો તેમને એક ગનર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.બીજીબાજુ આઝમ ખાનના પુત્ર ધારાસભ્ય અબ્દુલ્લા આઝમે પણ પોતાના ગનરને છોડી દીધા છે.આવામાં ગનર પાછા રામપુર આવી ગયા છે અને તેમણે પોલીસ લાઇનમાં પોતાની હાજરી ભરાવી છે.એ યાદ રહે કે કેટલાક દિવસ પહેલા યુપી પોલીસે આઝમ ખાનની જૌહર યુનિવર્સિટીથી મદરસા આલિયાની સરકારી જમીન કીંમતી પુસ્તકો અને ફર્નીચર કબજે કર્યુયં હતું આ દરમિયાન આઝમ ખાન દ્વારા સરકારી ગનર્સને પાછા મોકલવાના મામલામાં સપા દિગ્ગજ નેતા ચર્ચામાં આવી ગયા છે.એ યાદ રહે કે આ વર્ષ ૨૦ મેના રોજ આઝમ ખાન લગભગ બે વર્ષ બાદ જેલમાંથી મુકત થયા હતાં તે યુપીની સીતાપુર જેલમાં બંધ હતાં તેમના ઉપર ૮૯ અલગ અલગ કેસો હતો જેના કારણે તેમને ૨૭ મહીના જેલમાં રહેવું પડયું હતું ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

## શાળાઓમાં મા સરસ્વતીની ફોટો અને પૂજા ન કરવી જોઈએ : એનસીપી નેતા છગન ભૂજબલનું વિવાદાસ્પદ નિવેદન

મુંબઇ,તા.૨૭

મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને એનસીપીઁ નેતા છગન ભુજબલ વિવાદોમાં ફસાયા મા સરસ્વતીને લઈને કરેલા નિવેદનને કારણે ચર્ચામાં છગન ભુજબળે શાળાઓમાં સરસ્વતીજીના ફોટો અને પૂજા પર સવાલ કર્યા મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને દ્રઝઁ નેતા છગન ભુજબલ શાળામાં મા સરસ્વતીને લઈને કરેલા નિવેદનને કારણે ચર્ચામાં આવ્યા છે.

છગન ભુજબળે શાળાઓમાં સરસ્વતીજીના ફોટો અને પૂજા પર સવાલ ઉઠાવતા કહ્યું કે, શાળાઓમાં તેમનો ફોટો અને પૂજા ન કરવી જોઈએ, કારણ કે તેમણે અમને ક્યારેય કંઈ શીખવ્યું નથી. વાસ્તવમાં છગન ભુજબળ સોમવારે યશવંતરાવ ચવ્હાણ સેન્ટરમાં આયોજિત એક કાર્યક્રમમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે આ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું.

પૂર્વ મંત્રી છગન ભુજબળે જણાવ્યું હતું કે સાવિત્રીબાઈ ફૂલે, મહાત્મા ફૂલે, સાહુ મહારાજ અને ભીમરાવ આંબેડકરની તસવીર શાળામાં પણ લગાવવી જોઈએ, પરંતુ સરસ્વતી, શારદા મા, જેમને આપણે ક્યારેય જોયા નથી અને જેમણે આપણને કંઈ શીખવ્યું છે તેમની તસવીર લગાવવી જોઈએ. . તેમણે વધુમાં કહ્યું કે સરસ્વતી અને શારદા માતાએ જે શીખવ્યું તે માત્ર ૩ ટકા જ શીખવ્યું અને તે પણ આરએસએસના લોકોને અને અમને તેનાથી દૂર રાખ્યા.

શાળાઓમાં સરસ્વતીની પૂજા પર સવાલ ઉઠાવતા એનસીપી નેતા ભુજબળે કહ્યું કે શા માટે તેમની પૂજા કરવી જોઈએ. ફૂલે, આંબેડકર, શાહુજી, જેમના કારણે તમને શિક્ષણ મળ્યું, અધિકાર મળ્યો, તેમની પૂજા કરો. તેના વિચારોની પૂજા કરો અને તે તમારા ભગવાન હોવા જોઈએ. બાકીના દેવો, આપણે તેમને પછી જોઈશું.

જો કે છગન ભુજબળના આ નિવેદન પર વિવાદ શરૂ થયો છે. ભાજપે એનસીપી નેતા પર પલટવાર કર્યો છે અને આ નિવેદનનો સખત વિરોધ કર્યો છે. મહારાષ્ટ્રમાં ભાજપના નેતા રામ કદમે આ નિવેદન માટે ભુજબળ પાસે માફી માંગવાની માંગ કરી છે.

## અમે અમુક ધારાસભ્યો પર કાર્યવાહી કરવાનુ વિચારી રહ્યા છે :કોંગ્રેસ મહામંત્રી અજય માકન

### રાજસ્થાનની સ્થિતિને હવે ફરીથી જોવાની જરૂર છે,અમે અમારો લેખિત અહેવાલ સોનિયા ગાંધીને સોંપ્યો છે

નવીદિલ્લી,તા.૨૭

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતનુ સ્થાન કોણ લેશે તેના પર સસ્પેન્સ યથાવત છે. અશોક ગેહલોતની છાવણીના નેતૃત્વ અને તેમના વિરોધી સચિન પાયલટ વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. કોંગ્રેસના મહાસચિવ અજય માકન, જેઓ રાજસ્થાન માટે પાર્ટીના નિરીક્ષક પણ છે તેમણે આ તમામ મુદ્દાઓ પર વાત કરી છે. અજન માકને જણાવ્યુ છે કે કેવી રીતે રાજસ્થાનમાં પાર્ટી માટે વસ્તુઓ અશાંતિમાં ફેરવાઈ ગઈ છે. કોંગ્રેસના ૮૦થી વધુ ધારાસભ્યોએ અલગ-અલગ બેઠક કેમ કરી? આ અંગે અજય માકને કહ્યુ કે મે અને મલ્લિકાર્જુન ખડગેએ મુખ્યમંત્રી અશોક ગેહલોત સાથે યોજના અંગે ચર્ચા કરી હતી. પરંતુ બેઠક થઈ શકી ન હતી કારણ કે મોટી સંખ્યામાં કોંગ્રેસના ધારાસભ્યોએ તેમના સાથીદાર શાંતિ ધારીવાલના નિવાસસ્થાને સમાંતર બેઠક યોજવાનુ નક્કી કર્યુ હતુ. આવી ઈરાદાપૂર્વકની અવગણના ચોક્કસપણે ઘોર અનુશાસનહિનતાના પ્રશ્નો ઉભા કરે છે. અમે કેટલાક ધારાસભ્યો સામે કાર્યવાહી કરવા પર વિચાર કરી રહ્યા છીએ.કોંગ્રેસ પક્ષ પ્રમુખની ચૂંટણીની ચાલી રહેલી પ્રક્રિયા વચ્ચે રાજસ્થાનમાં આ બળવો કેમ થયો? આ અંગે અજય માકને કહ્યુ, 'રાજસ્થાનની સ્થિતિ કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી પર કેવી અસર કરશે તે અંગે હું ટિપ્પણી કરી શકતો નથી. પરંતુ એક નિરીક્ષક તરીકે હું કહી શકુ છુ કે રાજસ્થાનની સ્થિતિને હવે ફરીથી જોવાની જરૂર છે. કોંગ્રેસ અધ્યક્ષ(સોનિયા ગાંધી)ની સૂચના મુજબ અમે અમારો લેખિત અહેવાલ તેમને(સોનિયા ગાંધી)ને સોંપ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ તમામ મુદ્દાઓ પર નિર્ણય લેશે.અશોક ગેહલોતને વફાદાર ધારાસભ્યોનુ કહેવુ છે કે સચિન પાયલટ સીએમ નહિ બની શકે. આ અંગે અજય માકને કહ્યુ, 'રાજસ્થાનના ધારાસભ્યોએ પ્રસ્તાવ પર શરતો લાદવાનો પ્રયાસ કર્યો કે જે કોંગ્રેસ અધ્યક્ષને આગામી સીએમ પસંદ કરવા માટે અધિકૃત કરે છે. ધારાસભ્યોની માંગ હતી કે સીએમની ચૂંટણી ૧૯ ઓક્ટોબર પછી થવી જોઈએ. આપણે બધા જાણીએ છીએ કે કોંગ્રેસની ચૂંટણીમાં અશોક ગેહલોત સંભવિત ઉમેદવાર છે. જો તે જીતે છે અને રાજસ્થાનના સીએમ પર નિર્ણય કરે તો તે હિતોનો ટકરાવ હશે.'અજય માકને કહ્યુ, 'અશોક ગેહલોત ધારાસભ્યો સાથે આવીને વાત કરવા માંગતા હતા જ્યારે અમે તેમને વ્યક્તિગત રીતે મળવા માગતા હતા. તેમણે એવી પણ માંગ કરી હતી કે સીએમ એ ૧૦૨ ધારાસભ્યોમાંથી એક હોવો જોઈએ જે ૨૦૨૦માં ગેહલોત સાથે ઉભા હતા(જ્યારે પાયલટે ગેહલોત સામે બળવો કર્યો હતો). અમારી સ્થિતિ એ હતી કે કોંગ્રેસ ધારાસભ્ય દળની બેઠકમાં તેઓ જે કહેવા માંગે છે તે અમને કહી શકે છે. પરંતુ તેઓએ અલગ બેઠક યોજવાનુ નક્કી કર્યુ.

## તંત્રી સ્થાનેથી...

# પ્રાસંગિકતા પર પ્રશ્ન



ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારની જરૂરિયાત પર ભાર મૂકતાં જે રીતે કહ્યું કે આ સંસ્થામાં સુધારની પ્રક્રિયા રોકવાનાં ગતકડાં સફળ થવાનાં નથી, તેનાથી એક રીતે એ દેશો કઠેરામાં ઊભેલા દેખાયા જે વિચાર-વિમર્શ અને મંત્રણાના બહાને તેમાં અડચણો ભી કરવાની કોશિશ કરે છે. સંયુક્ત રાષ્ટ્ર અને વિશેષ રૂપે તેની સુરક્ષા પરિષદમાં સુધારની જરૂરિયાત લાંબા સમયથી વ્યક્ત કરાઈ રહી છે, પરંતુ વાત બની નથી શકતી. તેનું કારણ એ છે કે કેટલાક દેશ સુરક્ષા પરિષદમાં સુધારની જાણીજોઈને અવગણના કરી રહ્યા છે. જોકે સુરક્ષા પરિષદમાં સુધારામાં વિલંબ થઈ રહ્યો છે તેથી ન માત્ર તેની પ્રાસંગિકતા પર પ્રશ્ન ઊભા થઈ રહ્યા છે, બલ્કે વિશ્વ જનમતની દૃષ્ટિમાં આ સંસ્થા પોતાનું મહત્ત્વ પણ ગુમાવતી જાય છે. તે કોઈ પણ વૈશ્વિક સમસ્યાના સમાધાનમાં સહાયક બનવું તો દૂર રહ્યું, કોઈ આશા પણ નથી જગાવી શકતી. જો સુરક્ષા પરિષદને પોતાની મહત્તા બનાવી રાખવાની છે તો તેમાં સુધાર માટે તમામ દેશો અને વિશેષ રૂપે તેના સ્થાયી સદસ્યોએ પ્રતિબદ્ધતાનો પરિચય આપવો પડશે અને આ ક્રમમાં એ દેશો પર દબાણ વધારવું પડશે, જે સુધારાને ટાળવામાં પડ્યા છે.

એ ગંભીર ચિંતાની વાત છે કે સુરક્ષા પરિષદ વૈશ્વિક સમસ્યાઓ પર એક રીતે નિરર્થક ચર્ચાનો મંચ બની ગઈ છે. એવું યુક્રેન યુદ્ધના સંદર્ભે પણ જોવા મળ્યું અને દક્ષિણ ચીન સાગરમાં ચીનની મનમાની મામલે પણ. કેટલીક વૈશ્વિક તાકાતોની મનમાનીએ સુરક્ષા પરિષદને એક રીતે અસહાય અને નિરુપાય બનાવી દીધી છે. સંયુક્ત રાષ્ટ્રનું સૌથી મહત્ત્વપૂર્ણ અંગ હવે નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે, તો પછી એના પર આશ્ચર્ય નહીં કે તેનાં અન્ય અંગો પણ વિશ્વ જનમતને નિરાશ કરી રહ્યાં છે. એ કોઈથી છૂપું નથી કે કોવિડ મહામારી મામલે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કઈ રીતે દુનિયાની મુસીબત વધારવાનું કામ કર્યું અને પોતાની રહી-સહી શાખ પણ ગુમાવી. એનાથી સંતુષ્ટ ન થઈ શકાય કે ભારત સહિત વીસ દેશોએ સુરક્ષા પરિષદમાં સુધાર સંબંધી એક પ્રસ્તાવ પસાર કર્યો છે, કારણ કે જરૂરિયાત એની છે કે સુધારાની દિશામાં ઝડપથી આગળ વધવામાં આવે, એટલા માટે, કારણ કે આ સંસ્થામા જે સુધાર અપેક્ષિત અને જરૂરી છે, તેમાં પહેલેથી જ બહુ મોડું થઈ ગયું છે. સુરક્ષા પરિષદે ન માત્ર સક્ષમ અને લોકતાંત્રિક હોવું જોઈએ, બલ્કે તેમાં એ દેશોની ભાગીદારી પણ હોવી જોઈએ, જેમણે છેલ્લા કેટલાક દાયકામાં આંતરરાષ્ટ્રીય મંચો પર પોતાનો પ્રભાવ છોડ્યો છે. હાલમાં એવા જે દેશોની ગણતરી કરી શકાય છે, તેમાં ભારત મુખ્ય છે. એમ તો ભારત એક અરસાથી એના પર ભાર મૂકી રહ્યું છે, પરંતુ હવે સમય છે કે તે એના પર પોતાની સક્રિયતા સતત જાળવી રાખે.

# પરોપકાર જેવો કોઇ ધર્મ નથી



સંત એકનાથજીને જીવમાત્ર ઉપર દયા અને સમતાનો ભાવ હતો. બાર વર્ષની ઉંમરે તેમને રામાયણ, મહાભારત અને ભાગવતનો અભ્યાસ કર્યો હતો. એકવાર તેઓ ક્યાંક બહાર જઈ રહ્યા હતા ત્યારે રસ્તા પર નીકળેલા સાપને લોકો મારી રહ્યા હતા. તેમને લોકોને અટકાવીને કહ્યું કે આ સાપ ક્યાં તમોને કરડવા આવે છે તે તો રસ્તો ઓળંગી રહ્યો છે. બસ સાપ જોયો નથી અને મારો છો..! તે સાપ યોનિમાં જન્મ્યો છે તો શું થયું? તમે તેને મારશો નહી તો તે પણ તમોને નહી મારે, એને પોતાના જાનનું જોખમ લાગે તો ડરીને બચાવ માટે ડંખ મારે છે. સંતના વચનની અસર થઈ અને લોકોના ગળે વાત ઉતરી અને સાપને જવા દીધો.

કેટલાક દિવસ બાદ એકનાથજી અંધારામાં નદીએ સ્નાન કરવા માટે જઈ રહ્યા હતા તે સમયે સાપ રસ્તા વચ્ચે ફેણ ચઢાવીને ઉભો રહી જાય છે. સંત એકનાથજીએ તેને હટાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ સાપ રસ્તામાંથી ખસ્યો જ નહી તેથી તેઓ બીજા ઘાટે સ્નાન કરવા માટે જાય છે. સ્નાન કરી તેઓ પરત આવે છે તે સમયે અજવાળું થઈ ગયું હતું તેથી કુતુહલવશ તેઓ જ્યાં સાપ હતો તે જગ્યાએ જાય છે તો ત્યાં સાપ નહોતો પણ જ્યાં સાપ હતો તે રસ્તાની આગળ વરસાદના લીધે મોટો ખાડો પડ્યો હતો. એકનાથજી ખાડામાં પડી ના જાય તે માટે તેમને પાછા વાળવા માટે સાપ રસ્તા વચ્ચે ફેણ ફેલાવી ઉભો રહી ગયો હતો. એકનાથજી સમજી ગયા કે જે સાપને લોકોના મારથી બચાવ્યો હતો તેણે જ પરોપકારનો બદલો વાળવા મને ખાડામાં પડતો બચાવી મારૂં રક્ષણ કર્યું છે.

કહ્યું છે કે દયા અને પરોપકાર હંમેશાં સારાં ફળ લઈને જ આવે છે. મૃત્યુ પછી કોઈ કહેવાનું નથી કે મને કંઈક આપો એટલે પરોપકાર કરવો એ જ જીવનનું ફળ છે. વામન ભગવાન બલિરાજાને ત્યાં દાન લેવા ગયા અને દાન લઈ તેના ઘેર પહેરો ભરવો પડ્યો હતો. જે દાન લે છે તે બંધનમાં પડે છે.

તહેવારનો દિવસ હોવાથી એક ભિખારી સવાર સવારમાં ભીખ માંગવા માટે નીકળે છે. ઘેરથી નીકળતાં પહેલાં તેને ઘેરથી કેટલાક ચોખા પોતાની ઝોળીમાં નાખે છે જેથી બીજાને ખબર પડે કે આ ભિખારીને બીજાએ ભિક્ષા આપી છે. રસ્તામાં તેને રથમાં સવાર રાજા મળે છે અને ભિખારી વિચાર કરે છે કે આજે મારૂં નસીબ સારૂં છે કે મને રાજાના દર્શન થયા છે રાજા અવશ્ય મને સારી ભિક્ષા આપશે ત્યાં જ રાજાનો રથ તેની નજીક આવીને ઉભો રહે છે, ભિખારી મનમાં આવો વિચાર કરે છે ત્યાં જ રાજા રથમાંથી નીચે ઉતરીને એક યાચકની જેમ ભિખારી સામે ઉભા રહીને ભિક્ષા આપવા યાચના કરે છે. રાજા કહે છે આજે રાજ્ય ઉપર બહુ મોટું સંકટ આવ્યું છે અને જ્યોતિષે મને કહ્યું છે કે આ સંકટથી બચવા માટે તમારે તમામનો ત્યાગ કરીને એક યાચકની જેમ ભિક્ષા માંગવાની છે જેનાથી રાજ્ય ઉપર આવેલ સંકટ દૂર થઈ જશે. રાજા ભિખારીને કહે છે કે સૌથી પહેલાં આપ મને રસ્તામાં સામા મળ્યા છો એટલે હું તમારી પાસે ભિક્ષા માંગુ છું. જો તમે ના પાડશો તો રાજ્ય ઉપર આવેલ સંકટ દૂર થઈ શકશે નહી એટલે આપ મને ભિક્ષા આપો.

ભિખારીએ તો પોતાના સમગ્ર જીવન દરમ્યાન બીજાઓ પાસેથી ફક્ત માંગીને જ ખાધું હતું, ક્યારેય કોઈને કંઈ આપ્યું તો હતું નહી એટલે વિચાર કરે છે કે કેવો સમય આવ્યો છે? રાજા આજે એક ભિખારી સામે માંગવા ઉભા છે..! એટલે તેમને ના પણ કહી શકતો નથી. કચવાતા મને ભિખારીએ પોતાની ઝોળીમાંથી એક મુઠી ચોખાના દાણા કાઢીને રાજાને આપે છે. રાજા ભિખારી પાસેથી મળેલ ચોખા લઈને આગળ ભિક્ષા માટે જાય છે તો પ્રજાજનો રાજાને ઘણી બધી ભિક્ષા આપે છે.

સાંજના સમયે ભિખારી ઘેર આવે છે ત્યારે તેની પત્ની ઝોળી પલટાવીને જુવે છે તો એક મુઠી સોનાના દાણા જુવે છે અને ભિખારી આ વાત જાણે છે ત્યારે ભિખારી છાતી પીટીને રડે છે અને રાજા સાથે બનેલ સમગ્ર ઘટના પત્નીને સંભળાવે છે ત્યારે ભિખારીની પત્ની સમજાવે છે કે તમોને ખબર નથી પરંતુ સત્ય એ છે કે અમે જે દાન આપીએ છીએ તે જ સાચું સોનું છે અને અમે જે કંઈ ભેગું કરીએ છીએ તે તો કાયમના માટે માટી બની જાય છે. તે દિવસથી ભિખારીએ ભીખ માંગવાનું બંધ કરીને મહેનત કરીને પોતાના પરીવારનું ભરણપોષણ કરવા લાગ્યો. અત્યાર સુધી જે બીજાઓની આગળ હાથ ફેંલાવીને ભીખ માંગતો હતો તે આજે ખુલ્લા હાથે બીજાઓને દાન પુણ્ય કરવા લાગ્યો. ધીરે ધીરે તેના દિવસો બદલાવા લાગ્યા અને જે લોકો તેની સાથે સબંધ રાખવા માંગતા ન હતા તે સર્વે તેની નજીક આવવા લાગ્યા અને તે ભિખારીની જગ્યાએ દાનવીર કહેવાયો.

જે મનુષ્યની પ્રવૃત્તિ આપવાની હોય છે તેને ક્યારેય કોઈપણ ચીજ વસ્તુઓની કમી રહેતી નથી અને જે હંમેશાં લેવાની જ ભાવના રાખે છે તેને કશું જ મળતું નથી. આપણે શુધ્ધ સાત્વિક આહાર, સેવા સુમિરણ સત્સંગથી, પ્રભુ પરમાત્માની નિષ્કામ ભક્તિથી, પ્રભુ પરમાત્માની કથા શ્રવણથી, પરોપકાર દાન અને સ્વા?ધ્યાય..વગેરેથી સારા સંસ્કાર લાવવાનો હંમેશાં પ્રયાસ કરવો જોઈએ. પ્રાણીઓની ઉપર જન્મ-જન્માંત્તરના કર્મોની વાસના ભરેલી પડી છે તેથી હંમેશાં સત્કર્મો કરવાની ચેષ્ટા કરવી જોઈએ. તમામ પ્રાણીઓમાં પ્રભુ પરમાત્માનો વાસ છે આવો નિશ્ચય કરીને તમામની સેવા કરવાથી શરીર પવિત્ર બની જાય છે, દાન આપવાથી ધન પવિત્ર બની જાય છે અને પ્રભુ પરમાત્માનું ભજન કરવાથી અંતઃકરણ નિર્મળ બની જાય છે. પરોપકારમાં શરીરને ઘસાવો તે યજ્ઞ છે. સંપત્તિ આવે છે તેનો ઉપયોગ પરોપકારમાં કરજો કેમકે પરોપકાર સામાન કોઈ ધર્મ નથી.

માણસે પોતાના સમયનો સદઉપયોગ દાન આપવામાં..પુણ્ય કાર્યમાં અને શાસ્ત્રનો અભ્યાસ કરવામાં કરવો જોઈએ. જે કંઈ દાન આપવાના શુભ સંકલ્પની સ્ફુરણા થાય તેનો તુરંત જ અમલ કરી દેવો. કામના રહિત દાન એ જ યથાર્થ દાન છે. ભિખારી ભીખ માગવા આવતો નથી પણ આપણને ઉપદેશ આપવા આવે છે કે ગયા જન્મમાં મેં દાન આપ્યું નહિ તેથી મારી આ દશા થઈ છે માટે તમે પણ દાન નહિ આપો તો મારા જેવી દશા થશે.

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ડાંગ જિલ્લા નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવા મહોત્સવ કાર્યક્રમ યોજાયો

આહવા: તા: ૨૭: ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય તેમજ ડાંગ જિલ્લા નહેરુ યુવા કેન્દ્ર આહવા દ્વારા આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૨૪ /૯ /૨૨ના રોજ ડાંગ દરબાર હોલ આહવા ખાતે યુવા મહોત્સવ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો.



નહેરુ યુવા કેન્દ્ર આયોજિત યુવા મહોત્સવ કાર્યક્રમમા જિલ્લાના કુલ ૩૫૦થી વધુ યુવાઓએ વકૃત્વ સ્પર્ધા, ચિત્રકલા સ્પર્ધા, સંવાદ સ્પર્ધા, (ડિબેટ), મોબાઈલ ફોટોગ્રાફી સ્પર્ધા, કાવ્ય લેખન સ્પર્ધા, અને સાંસ્કૃતિક સ્પર્ધામા ભાગ લઈ પ્રોત્સાહક ઈનામો પ્રાપ્ત કર્યા હતા.

કાર્યક્રમમા મુખ્ય મહેમાન તરીકે ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એમ. સી. ભૂસારા, ભાવનગરના પ્રસિદ્ધ કવિશ્રી મનોહર ત્રિવેદી, નિવૃત્ત ગ્રંથપાલ શ્રીદત્તાત્રેય મોરે તેમજ જુદી જુદી શાળા કોલેજના શિક્ષકો પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનુ સંચાલન શ્રી અનુપ ઈંગોલેએ કર્યું હતુ.

નરેન્દ્ર પવાર, ડાંગ

### ડાંગ ના રાજા ધનરાજસિંહ સૂર્યવંશી ની ભાજપમાં ઘરવાપસી

# ભાજપમાં યોગ્ય સન્માન ન જળવાતા નારાજ રાજાને મંત્રી નરેશ પટેલે મનાવી લીધાં

વિધાનસભાની ચૂંટણી નજીક આવતાજ ડાંગ જિલ્લામાં રાજકીય ઉતાર ચઢાવ જોવા મળી રહ્યા છે. સુબિર તાલુકામાં ભાજપ માંથી કાર્યકરો અને હોદ્દેદારો એ રાજીનામુ આપવાના સમાચારથી આ પંથકમાં માંડ માંડ બેઠા થયેલ ભાજપને હવે નુકશાન થવાનો ભય સતાવી રહ્યો છે. બીજીતરફ જિલ્લાના મુખ્યમથક સહિત ગ્રામીણ વિસ્તારોમાં આમ આદમી પાર્ટી ના ચૂંટણી પ્રચાર અને સદસ્યતા અભિયાન થી પણ લોકો હવે આપ તરફ વળી રહ્યા છે ત્યારે ડાંગ ના મોભી ગણાતા એવા ડાંગ વાસુરણા સ્ટેટના ના 'રાજા' એ આપ નો ખેશ પહેરી ભાજપની ઊંઘ ઉડાવી દીધી હતી. ચાર માસ અગાઉ ભાજપમાંથી નિષ્ક્રિય બનવાની જાહેરાત કરી સુરત ખાતે આમ આદમીનો ખેશ પહેરનાર રાજા ધનરાજસિંહ સૂર્યવંશીને ફરી એકવાર મનાવી લેવાયા છે. ભાજપમાં સક્રિય રહીને અનેક હોદ્દા ઉપર કામ કરનાર ડાંગ જિલ્લાના મોભી એવા રાજા ને જિલ્લા પ્રભારી મંત્રી નરેશ પટેલે સર્કિટ હાઉસ ખાતે જિલ્લા પ્રમુખ દશરથભાઈ પવાર, જિલ્લા પંચાયતના પ્રમુખ મંગળ ગાવીત,



અને મહામંત્રી રાજેશ ગામીત તેમજ અન્ય હોદ્દેદારો ની હાજરીમાં ફરી એકવાર ભાજપનો ખેસ પહેરાવીને ઘરવાપસી કરાવી છે.

યોગ્ય સન્માન ન મળતા નિષ્ક્રિય બન્યા હતા

રાજા ધનરાજસિંહ સૂર્યવંશી અગાઉ ભાજપમાં અનેક હોદ્દાઓ ઉપર કામ કરી ચુક્યા છે. જોકે ડાંગ જિલ્લાના રાજા તરીકે આદિવાસી ઓમાં ભારે માન સન્માન ધરાવતા રાજાનું સરકારી તેમજ ભાજપના કાર્યક્રમોમાં યોગ્ય સન્માન ન જળવાતું હોવાથી નારાજ થયા હતા અને રાજકીય સન્યાસ લેવાની જાહેરાત કરી હતી.

મંત્રી નરેશ પટેલે સન્માન પૂર્વક ભાજપમાં ઘરવાપસી કરાવી

એક રાજા ને મળવા પાત્ર માન અને સન્માન ની ગરિમા ને ધ્યાનમાં રાખી પ્રભારી મંત્રી નરેશ પટેલે રાજાને બોલાવી તેમની સાથે ચર્ચા કરી અને તેઓની નારાજગી દૂર કરી હતી, નારાજગી દૂર થતાંજ ફરી એકવાર ભાજપમાં સક્રિય બનાવાયા છે.

હું આપમાં જોડાયો ન હતો : રાજા ધરાજસિંહ સૂર્યવંશી

આમ આદમી પાર્ટીમાં જોડાયા હોવાની વાતને લઈને રાજા ધનરાજસિંહ એ ખુલાસો આપતા કહ્યું હતું કે હું આપમાં જોડાયો ન હતો પરંતુ મારા મિત્ર એવા ડાંગ જિલ્લા આપના પ્રમુખ જોસેફભાઈ સાથે તેમના કામે સુરત જવાનું થયું ત્યારે એક રાજા તરીકે મારું સ્વાગત કરવામાં આવ્યું જોકે આ સ્વાગત ફૂલોના હાર ને બદલે આપ ના ખેશ થી કરવામાં આવતા વિવાદ થયો હતો.

નરેન્દ્ર પવાર, ડાંગ

# તાજમહેલની બાઉન્ડ્રી વોલથી ૫૦૦ મીટર સુધીના વિસ્તારમાં તમામ વ્યવસાયિક પ્રવૃત્તિઓને તાત્કાલિક ધોરણે અટકાવવાનો આદેશ

નવીદિલ્હી,તા.૨૭

સુપ્રિમ કોર્ટે તાજમહેલની બાઉન્ડ્રી વોલથી ૫૦૦ મીટર સુધીના વિસ્તારમાં તમામ વ્યવસાયિક પ્રવૃત્તિઓને તાત્કાલિક ધોરણે અટકાવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે આગ્રા ડેવલપમેન્ટ ઓથોરિટીને તેના નિર્દેશનું પાલન કરવા કહ્યું છે. સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં આ રજુઆત કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતની ડિવિઝન બેન્ચે અરજીને માન્ય રાખી હતી. જેમાં રજુઆત કરવામાં આવી હતી કે ૧૭મી સદીના સ્મારકના (તાજમહેલ) ૫૦૦ મીટર સુધીના વિસ્તારમાં પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવા માટે સંબંધિત સત્તાધિકારીને નિર્દેશ આપવામાં આવે. કોર્ટે કહ્યું કે અમે આગ્રા ડેવલપમેન્ટ ઓથોરિટીને સ્મારક તાજમહેલની બાઉન્ડ્રી વોલથી ૫૦૦ મીટર સુધીના વિસ્તારમાં તમામ કોમર્શિયલ ગતિવિધિઓને હટાવવાનો નિર્દેશ આપીએ છીએ.

# મોંઘવારીની અસર દુર્ગા પ્રતિમાઓના નિર્માણ પર પણ જોવા મળી રહી છે.

કોલકતા,તા.૨૭

કોરોનાના કારણે સંપૂર્ણ રીતે ઉત્સવો પર લાગેલ પ્રતિબંધ હટાવી દીધા બાદ આ પહેલો પ્રસંગ છે જ્યારે દુર્ગા પુજા ધામધામથી મનાવવામાં આવશે આવામાં બંધ પડેલ મૂર્તિ કારીગરોનું કામ ફરીથી ગતિ પકડી ચુકયુ છે. પરંતુ કામનો ખર્ચ આ વખતે થોડો વધી ગયો છે. મોંઘવારીની અસર દુર્ગા પ્રતિમાઓના નિર્માણ પર પણ જોવા મળી રહી છે પરંતુ કારીગરોને આશા છે કે આ વર્ષ કારોબાર સારો થશે પીઓપીથી મૂર્તિ બનાવનારા રાવત મૂર્તિવાવાળા કહે છે કે પહેલા જ્યાં ૨૦ કિલો પીઓપી (પ્લાસ્ટર ઓફ પેરિસ)ની બોરી ૧૨૦ રૂપિયામાં હતી જે હવે ૨૨૦-૨૪૦ રૂપિયામાં મળી રહી છે. તેમણે કહ્યું કે મોટી મૂર્તિઓના નિર્માણમાં ઉપયોગમાં લેવામાં આવનાર ખડિયાના ભાવ પણ બે ત્રણ ગણા વધી ગયો છે. આ રીતે પહેલા એક મૂર્તિના નિર્માણમાં ૩૦૦ રૂપિયાનો કાચો પેટ હવે ૬૦૦ રૂપિયામાં આવી રહ્યો છે. કેટલાક પેટ ૭૫૦ રૂપિયા સુધી થઈ ગયા છે મૂર્તિ કારીગરોનું કહેવું છે કે ત્રણ વર્ષમાં પહેલીવાર કેટલાક લોકો ગણેશ પુજા પર અગ્રિમ મૂર્તિ બુકીંગ કરાવીને ગયા છે પરંતુ આ વખતે કારોબાર સારો થયો.






જીટીયુના ઝોન ૨ ની ક્રિકેટ સ્પર્ધાનું આયોજન ગુજરાત પાવર એન્જિનિયરિંગ કોલેજ મેવડ ખાતે તારીખ ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન કરવામાં આવ્યું હતું . જેમાં જીટીયુ સંલગ્ન કુલ ૧૫ કોલેજોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા ૨૦-૨૦ ફોર્મેટમાં સીઝન બોલ પર રમાઈ હતી આ સ્પર્ધામાં જીઆઈટી ગાંધીનગર ની ટીમ વિજેતા રહી હતી જ્યારે દ્વિતીય નંબર પર જીઈસી મોડાસાની ટીમ રહી. સંસ્થાના આચાર્યશ્રી ડો. ચિરાગ વિભાકર સાહેબે ટ્રોફી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધાનુ સંચાલન ડો. નરહરિપ્રસાદ સાધુ રમત-ગમત પ્રશિક્ષક(જીપેરી) એ કર્યું હતું.

# "હમ સે જો ટકરાયેગા મિટીમેં મિલ જાયેંગા!! ઇક્લિાબ ઝિંદાબાદ.આવાજ દો હમ એક હૈ!" રખડતા ઢોર નિયંત્રણ વિધેયક પાછું ખેંચાતા ગૌમાતાનો હુંકાર!!!

ખલ્લાસ!! બખડજંતર ચેનલના બેમાથાળા બોલે સંપૂર્ણ જોખમી કહેવાય એસાઇનમેન્ટ આપ્યું.

" લુક મિસ્ટર ગિરધરલાલ ચેનલના ટીઆરપી ડાઉન છે. તમે કરેલ સ્ટોરીમાં કંઇ શકકરવાર નથી. તમને નોકરીમાં ચાલુ રાખવા કે રવાના કરવા તેનો આધાર આ એસાઇનમેન્ટ પર છે. ગો એન્ડ કમ વીથ ઇન્ટ્રેસ્ટિંગ સ્ટોરી. નાઇ યુ કેન લિવ માય ચેમ્બર " બોસે ગેટ આઉટ કહેવાનું જ બાકી રાખેલ.

બખડજંતર ચેનલમાં હું ગિરધરલાલ ગરબડિયા , રાજુ રદી અને બેમાથાળા બોસ. હું પત્રકાર. રાજુ રદી કેમેરામેન . બોસ અમને ખખડાવવા સિવાય કોઇ કામના નથી.

સરકારી અને પરચૂરણ જાહેરખબરથી ચેનલનું ગાડું ગબડયે રાખે છે. બે ત્રણ મહિને બાકી પગાર મળે છે!! ભારતીય નારીની જેમ એક ભવમાં બે ભવ ન કરવાની અનિચ્છાને લીધે બખડજંતર ચેનલમાં ખેંચે રાખીએ છીએ!!બોસની ચેમ્બરમાંથી બહાર નીકળ્યો.

" આજે આપણે હાડકા ખોખરા કરાવવા જવાનું છે!" મે રાજુને કહ્યું

" આપણે કુનો નેશનલ પાર્ક જવાનું છે?" રાજુએ ઉત્સુકતાથી પૂછયું.

" ત્યાં ચિતાહ મિત્રો આપણને પ્રવેશ કરવા દેશે ખરા??" મે કહ્યું.

"તો કયાં જવાનું છે??" રાજુ અકળાયો.

"આપણે શિંગડે ઉછળવા, ઢીંકે ચડવા જવાનું છે. ગો મૈયા, બળદબાબા વગેરે વિજય ઉત્સવ ઉજવી રહ્યા છે. આ સમારોહનું રીપોર્ટિંગ કરવાનું છે"મેં કહ્યું. બુલેટથી બચવા બુલેટપ્રુફ જેકેટ આવે છે. શિંગડાથી બચવા હોર્નપ્રુફ જેકેટ કયાં મળે છે??

અમે અખબારની ભાષામાં ઘટના સ્થળે પહોંચ્યા. ગાય રખડતા ઢોર નિયંત્રણ અધિનિયમ વિધેયકની નકલો ચાવી રહી હતી!!

" કેવો સ્વાદ આવે છે, માતે?" અમે ગાયને પૂછયું .

" ભો ભોં ભોંઅઅ " ગાય બોલી. ગાય શું બોલી તે જાણવા મેં આજુબાજુ નજર દોડાવી!!ત્યાં મેં નવઘણ રઘુ નામનો પશુપાલક ઊભો હતો. તેને પૂછયું કે ગાય શું કહેવા માંગે છે?

'તમે કોણ છો એ પૂછે છે'નવઘણે દુભાષિયાનું કામ કર્યું!!

" અમે બખડજંતર ચેનલમાંથી આવીએ છીએ . હું ગિરઘર ગરબડિયા, રિપોર્ટર અને ઐ આ રાજુ રદી, કેમેરામેન " અમે પરિચય આપ્યો.

" ઠીક છે.ઠીક છે" ગાયે રહ્યું. અમને સાલું ઢીંક છે, ઢીંક છે એવું સંભળાયું. કાનનો દોષ હોઇ શકે!!!

" તમોને કેવું ફિલ થાય છે?" અમે ગાયને પૂછયું.

" અમને વિશ્વ વિજેતા સિકંદર જેવું ફિલ થાય છે."

ગાયે ગૌરવભેર જવાબ આપ્યો.

"સરકાર સામે કોઇ શિકાયત?" અમે પૂછયું.

" સરકાર સામે શિકાયત હી શિકાયત હૈ.

અમારા નામે મતો મેળવીને એમને જ રસ્તા પરથી ઉઠાડવાના? સરકારની બે ધારી નીતિ સામે ઉગ્ર રોષ છે! " આટલું કહીને ગાય ભાંભરી. નવઘણના કહ્યાનુસાર ગાય ગુસ્સામાં છે.

" સરકારે નાગરિકો, રાહદારીઓને તમારા ત્રાસમાંથી છોડાવવા મોડી રાત સુધી વિધાનસભા ચલાવી રાતે બે વાગ્યે વિધેયક મંજૂર કરેલ."અમે ગાયને માહિતી આપી.

" પણ, સરકારે શું કાંદા કાઢ્યા. અમારી સંગઠન શકિત , અમારી સંઘશક્તિ સામે સરકાર વામણી પુરવાર થઇ તેનું શું ??" ગાયે પ્રતિ પ્રશ્ન પૂછ્યો.

" ચૂંટણી સામે આવતી હોય તો સરકારે સૌને થાબડભાણા કરવા પડે. તમે શિંગડે કે પૂંછડે ઉછાળીને લોકોને ઉપરથી નીચે પટકો છો.

સાપસીડીની રમતમાં સાપના મોઢેથી નીચે જનાર પટકાય છે તેના કરતા વધારે વેગથી પટકો છો. લોકોના રામ રમી જાય છે. ઘાયલ થાય છે? અકસ્માતો થાય છે. આમાં તમારો વાંક ગુનો ખરો કે નહીં??" અમે આકરા પાણીએ થઈને પૂછયું.

" આ માટે લોકો જવાબદાર છે. લોકો રસ્તા પર શું કામ આવે છે? ઘરે રહે તો અમારો સામનો કરવે ન પડે!!" ગાયે હુંકાર ભર્યો!!

"હમ સે જો ટકરાયેગા મિટીમેં મિલ જાયેંગા!! ઇંક્લિાબ ઝિંદાબાદ.આવાજ દો હમ એક હૈ!!" ગૌમાતાએ લિડરની સ્ટાઇલમાં સૂત્રોચ્ચાર કર્યો.

ભો ભો ભો ના નારાથી ચતુર્દિશા ગાજી ઉઠી !!! હું અને રાજુ ઘટના સ્થળેથી વિદાય થયા!!

ભરત વૈષ્ણવ..૨૭.૯.૨૦૨૨.

**શો ફરક પડે?**
**આંખમાં એક નાનેરું**
**છે આંસુ,**
**શો ફરક પડે સીધું છે**
**કે ત્રાંસુ?**
**રિકતતામાં ભૂસ્કાઓ**
**મારીએ,**
**શો ફરક પડે ભદું છે કે**
**ધાંસુ?**
**પ્રેમના પાત્રમાં મજબુતી**
**હશે?**
**શો ફરક પડે લોઢું છે**
**કે કાંસું?**
**અફવા જેમ ચવાયો છે**
**કિસ્સો,**
**શો ફરક પડે ઓછો છે**
**કે ખાસ્સુ.**
**ભાગ્ય અમાપ મહેર**
**વરસાવે છે,**
**શો ફકર પડે કે કાણું**
**છે ખિસ્સુ?**
**ભરત વૈષ્ણવ**
**૨૭.૯.૨૦૨૧.#કવિતા**

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




Ramila Makvaana.MeM.: . NOG -120

શબ્દ : નવલી નવરાત

પ્રકાર : પદ્ય (અછાંદસ)

શિર્ષક : નવરાત્રી

શબ્દો : ૮૧

" નવરાત્રી"

આધ્યશક્તિ મા તારા નવલા દિવસો નવરાત્રી,
વંદન કરું હું મા તુજને નવલા દિવસો નવરાત્રી.
નવલી રાતોમાં રાસ-ગરબે ઘૂમતા ચાચર ચોકમાં,
તમારા કર્યા મા બેસણા નવલા દિવસો નવરાત્રી.
હવન-તવન ગાઈને આનંદ લૂંટતા તારા બાલુડા,
ખમ્માને હેમક્ષેમ રાખજો નવલા દિવસો નવરાત્રી.
અવનવા શણગાર સજીને દર્શન આપજે માવડી,
તારા દર્શનની આશ મા નવલા દિવસો નવરાત્રી.
લીલુડા માંડવડા રોપાય માવડી તારા મઢડે,
તારા ગુણલા નિત ગવાય નવલા દિવસો નવરાત્રી.
તારા મઢડા બધા ઝાકમઝોળ મા આદ્યશક્તિ,
"રમા" નાં દેવી પાટડી-ધામે નવલા દિવસો નવરાત્રી.

(જય મા આદ્યશક્તિ)

રમીલા ડી મકવાણા "રમા"

લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

Mina Mangroliya.MeM.NOG: NOG. S.S. NO:0032

વિષય: નવલી નવરાત

શીર્ષક:- મા દુર્ગા

મા દુર્ગા પ્રથમ સ્વરુપ મા શૈલપુત્રી,
વૃષભ પર આરૂઢ,
ત્રિશૂળ જમણે હાથ,કમળ પુષ્પ ડાબે હાથ.
પ્રથમ દિવસે પૂજન મા શૈલપુત્રી.
મા દુર્ગા દ્વિતીય સ્વરુપ મા બ્રહ્મચારિણી,
તેનું આચરણ કરવાવાળી મા બ્રહ્મચારિણી
જેની માળા જમણે હાથ,કમંડળ ડાબે હાથ.
દ્વિતીય દિવસે પૂજન મા બ્રહ્મચારિણી
મા દુર્ગા તૃતિય સ્વરુપ મા ચંદ્રઘટા,
કપાળે અર્ધ ચંદ્રાકાર ઘંટ,
દસે હાથ ખડ્ગ, બાણ, તલવાર, ધનુષ,
તૃતિય દિવસે પૂજન મા ચંદ્રઘંટા.
મા દુર્ગા ચતુર્થ સ્વરુપ
મા કૂષ્માંડા,
મા કુષ્માંડાએ બ્રહ્માંડની રચના કરી
અષ્ટભુજામાં સર્વ સિધ્ધીદાયક જપમાળા
ચતુર્થ દિવસે પૂજન કૂષ્માંડા
મા દુર્ગા પંચમે સ્વરુપ મા સ્કંદમાતા,
કમળ પુષ્પ બંને ભૂજામાં
બાળસ્વરૂપ ભગવાન એક ભૂજામાં,
વરમુદ્રા ચોથી મહાભૂજામાં.
મા દુર્ગા છઠ્ઠે સ્વરુપ મા કાત્યાયની,
સિંહવાહિની આરૂઢ,
એક હાથમાં તલવાર, બીજે કમળ પુષ્પ ,
તૃતિય હાથ અભયમુદ્રા, ચોથે વરમુદ્રા.
છઠ્ઠે દિવસે પૂજન મા કાત્યાયની.
મા દુર્ગા સાતમે સ્વરુપ મા કાલરાત્રિ,
ગદર્ભ કાલરાત્રિનું વાહન,સદૈવ શુભ ફળદાયિની.
સાતમે દિવસે પૂજન મા કાલરાત્રિ.
મા દુર્ગા આઠમે સ્વરુપ મહાગૌરી,
વૃષભ આરૂઢ,શ્વેત વસ્ત્ર ધારણ.
આઠમે દિવસે પૂજન મહાગૌરી.
મા દુર્ગા નામે સ્વરુપ સિધ્ધીદાત્રી,
અર્ધનારેશ્વર સ્વરુપ, એક હાથમાં ચક્ર,
બીજે શંખ ત્રીજે ગદા,ચોથે કમળપુષ્પ.
નવમે દિવસે પૂજન સિધ્ધીદાત્રી.

મીના માંગરોલીયા મીનુ

અમદાવાદ

૨૬/૯/૨૦૨૨

Sweta Talati..MeM. NoG: NG 0078

વિષય - હાસ્ય કાવ્ય

પ્રકાર - પદ્ય (દ્વિખંડી છંદમાં
૬ હુશ્ન મત્લા સાથે હઝલ)

શીર્ષક - શેરબજારના મંદી- ઉછાળ જેવો..

અલી, શેરના બજારે નિત મંદી ને ઉછાળો;
એ અરર સ્વભાવ એવો ઈવડાઈનોય હાળો.
ઈ રિસાળ પણ ખરો ને, કદી બડબડે છે ગાળો;
વધુ આવી જાય ગુસ્સો તો તો કાઢે બહુ વરાળો.
રહે ખંજવાળ એને, કરે વાંદરાનો ચાળો;
કોઈ તો મને બતાવો શું છે છૂટવાનો તાળો?
ઋતુ પણ કમોસમી થઈ, જો ગુલાબી હો શિયાળો;
રહી બેખબર અનાડી કરી એને દે ઉનાળો.
એ ઘણોય ધૂની મૂડી ને વિચિત્ર પણ છે હાળો;
દિલમાં છતાં એ મારાં કઈ રીતથી બુડાળો!
એ ચિબાવલો વણી દે છે સબંધમાંય જાળો;
છે જ ભાઈબંધ ખાસ્સા, ન ગમે જરાય સાળો.
છે અસમતુલા મગજમાં કદી કોઈ એને ખાળો;
યદિ ગાંડપણનો આવે કદી એકદમ ઉલાળો.
થયું એવું છે કજોડું કહું વાત ખાનગીમાં;
હું રુપાળી ખૂબ નમણી, છે એ કૂબડો ને કાળો.
વધુ કંઈ બબાલ કરશો નહીં પણ જરાક કહેજો;
છે અમારી સહેલી 'શ્વેતા' જો 'એ' વાયડાને ભાળો.

- શ્વેતા તલાટી

### ડેઈલી માર્કેટ રિપોર્ટ

# એમસીએક્સ પર સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં વૃદ્ધિ

## પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૯૬૪૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૫૦૨૦ કરોડનું ટર્નઓવર : ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ. ૪૦ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૯૦,૯૦૩ સોદાઓમાં કુલ રૂ.૧૪,૭૦૨.૧૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૯૬૪૨.૦૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૫૦૨૦.૦૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૮,૯૫૯ સોદાઓમાં કુલ રૂ.૬,૧૫૦.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૯,૧૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૪૩૯ અને નીચામાં રૂ.૪૯,૦૮૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૫૨ વધી રૂ.૪૯,૪૦૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૦૫ વધી રૂ.૩૯,૨૨૦ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬૭ વધી રૂ.૪,૯૪૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯,૨૧૫ના ભાવે ખૂલી, રૂ.૧૬૯ વધી રૂ.૪૯,૨૭૯ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૫૭૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૦૩૭ અને નીચામાં રૂ.૫૫,૩૦૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૫૮૯ વધી રૂ.૫૫,૯૪૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૫૪૪ વધી રૂ.૫૬,૪૦૯ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫૨૩ વધી રૂ.૫૬,૫૧૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૯૦૧ સોદાઓમાં રૂ.૧,૬૭૬.૦૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૪૦ વધી રૂ.૧૮૯.૭૫ અને જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૨.૩૫ વધી રૂ.૨૬૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬.૭૫ વધી રૂ.૬૨૯.૧૫ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ વધી રૂ.૧૭૬ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૩,૫૦૯ સોદાઓમાં કુલ રૂ.૧,૭૭૨.૭૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૩૩૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૪૨૨ અને નીચામાં રૂ.૬,૩૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૪૨ વધી રૂ.૬,૩૭૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૨૦ વધી રૂ.૫૭૨.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૩૫ સોદાઓમાં રૂ.૪૨.૪૬ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૩૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૨,૩૬૦ અને નીચામાં રૂ.૩૧,૭૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧૦ ઘટી રૂ.૩૨,૦૯૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૬૦ વધી રૂ.૯૮૬.૯૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૫૬૬.૬૦ કરોડનાં ૭,૨૨૭.૧૪૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૫૮૪.૨૩ કરોડનાં ૪૬૧.૨૩૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૪૨.૮૫ કરોડનાં ૧૩,૨૧,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૯૩૦ કરોડનાં ૧૫૮૩૨૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૩૧.૦૫ કરોડનાં ૯૮૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૧.૪૧ કરોડનાં ૧૧૫.૫૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૫૭૦.૪૦૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૪૫.૩૩૯ ટન, ક્રૂડ તેલમાં ૧૧૫૬૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૭૭૯૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૯૩૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૭૪૪.૧૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૦.૦૫ કરોડનાં ૫૮૭ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૩,૬૧૦ના સ્તરે ખૂલી, ૮૦ પોઈન્ટ વધી ૧૩,૬૮૩ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૫,૦૨૦.૦૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૦.૩૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦.૪૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૨૬૯.૧૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૬૮.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૭૪.૫૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૮૫.૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૨૩.૨૦ અને નીચામાં રૂ.૨૮૩.૩૦ રહી, અંતે રૂ.૧૬.૯૦ વધી રૂ.૩૦૩.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૯.૩૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૪.૫૫ અને નીચામાં રૂ.૪૯.૩૦ રહી, અંતે રૂ.૫.૬૦ વધી રૂ.૫૧.૦૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૫ ખૂલી, ઉપરમાં રૂ.૪૬૫ અને નીચામાં રૂ.૪૧૫ રહી, અંતે રૂ.૧૯.૫૦ ઘટી રૂ.૪૨૭.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭૨૧.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૮૦૬ અને નીચામાં રૂ.૭૦૧ રહી, અંતે રૂ.૫૪.૫૦ વધી રૂ.૭૫૭ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૫ ખૂલી, ઉપરમાં રૂ.૪૮૯ અને નીચામાં રૂ.૪૧૧ રહી, અંતે રૂ.૪.૫૦ ઘટી રૂ.૪૪૬.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૧.૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૧૭.૩૦ અને નીચામાં રૂ.૧૮૬.૬૦ રહી, અંતે રૂ.૧૦.૪૦ ઘટી રૂ.૨૦૨.૩૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૮ ખૂલી, ઉપરમાં રૂ.૪૦.૫૦ અને નીચામાં રૂ.૩૬.૫૫ રહી, અંતે રૂ.૩.૫૦ ઘટી રૂ.૩૯.૦૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૪૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૬૯ અને નીચામાં રૂ.૪૩૪ રહી, અંતે રૂ.૧૦૮.૫૦ ઘટી રૂ.૪૫૬ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૨૭ અને નીચામાં રૂ.૪૫૦ રહી, અંતે રૂ.૩૧ ઘટી રૂ.૪૮૨.૫૦ થયો હતો. ચાંદીનવેમ્બર રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૧૫૨ ખૂલી, ઉપરમાં રૂ.૨,૧૯૦ અને નીચામાં રૂ.૨,૧૩૭ રહી, અંતે રૂ.૯૫ ઘટી રૂ.૨,૧૬૨ થયો હતો.



**મૌન સમજ્યા હોય એ હાથ ઊંચો કરે**
**શબ્દો ગળી ગયા હોય એ હાથ ઊંચો કરે**
**શોધવા જશો જો ખામી'તો બધામાં દેખાશે**
**ખામી અવગણ્યા હોય એ હાથ ઊંચો કરે**
**સુખના સાથી બની મહેફિલ તો ઘણી માણી**
**દુ:ખમાં સાથે રડયાં હોય એ હાથ ઊંચો કરે**
**ખબર નહીં કેમ પણ રડવાની ટેવ પડી છે દરેકને**
**હસતાં હસતાં જીવ્યા હોય એ હાથ ઊંચો કરે**
**કોઈ - કોઈનું નથી રહ્યું હવે, એવું સાંભળ્યું છે મેં**
**સાહેબ, સમયે આંબા વાવ્યાં એ હાથ ઊંચો કરે**
**શબ્દો મારાને આ લાગણી મારી કડવી તો છે જ**
**છતાં જીવનમાં ઉતાર્યા હોય એ હાથ ઊંચો**

**જયકિશન દાણી (બોટાદ)**

**૯૮૨૪૯૭૯૮૧૮**

# ૨૯ સપ્ટેમ્બર, "વર્લ્ડ હાર્ટ ડે"

## શુદ્ધ આહાર બરાબર સ્વસ્થ હ્રદય



દર વર્ષે ૨૯ સપ્ટેમ્બરે "વર્લ્ડ હાર્ટ ડે" ઉજવવામાં આવે છે. હ્રદયનાં સ્વાસ્થ્ય પ્રત્યે લોકોને જાગરૂત કરવા માટે દર વર્ષે આ દિવસ મનાવવામાં આવે છે. આ ખાસ દિવસ મનાવવાની શરૂઆત સૌથી પહેલા વર્ષ ૨૦૦૦માં થઇ હતી. તે સમયે નક્કી કરવામાં આવ્યું હતું કે દર વર્ષે "વિશ્વ હાર્ટ દિવસ" સપ્ટેમ્બર મહિનાનાં છેલ્લા રવિવારે મનાવવામાં આવશે પરંતુ વર્ષ ૨૦૧૪માં આ ખાસ દિવસ મનાવવા માટે ૨૯ સપ્ટેમ્બરની તારીખ નક્કી કરી દેવામાં આવી હતી. હ્રદય માણસનાં શરીરનો ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ છે અને સર્વેને તેના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવાની જરૂર છે. હાલના સમયમાં યુવાનોમાં પણ હાર્ટ એટેકની સમસ્યા આવવા લાગી છે. કોરોના મહામારી દરમિયાન હ્રદયના દર્દીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. તેનું મૂળ કારણ ખોટા આહાર અને સારી જીવનશૈલીને અપનાવી ન શકવાનું છે. હ્રદયને સ્વસ્થ રાખવા દિનચર્યામાં જરૂરી એવા ફેરફાર કરવા જોઈએ. મોડી રાત સુધી જાગીને વધુ ગેજેટ્સનો ઉપયોગ કરવો એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. સ્વસ્થ જીવનશૈલી અપનાવવા દિનચર્યામાં કેટલાક ફેરફાર કરવા જોઈએ. લો-કાર્બ અને ઓછો ચરબીયુક્ત ખોરાક લેવો જોઈએ.

મીઠુ, ખાંડ વાળી વસ્તુઓ ઓછી ખાવી જોઈએ.

સાંજે ૮ પછી કંઈ ખાવું ન જોઈએ.

વધારે પ્રોટીન અને ફાઈબરથી ભરપૂર ખોરાક અનાજ, કઠોળ લેવા જોઈએ.

દરરોજ કસરત, પ્રાણાયમ કરવા જોઈએ.

દરરોજ ઓછામાં ઓછી ૪૦ મિનિટ માટે ચાલવાની અથવા સાયકલ ચલાવવાની આદત પાડવી જોઈએ.

સ્વિમિંગ કરવાથી પણ સારી કસરત થાય છે.

આલ્કોહોલનું સેવન ટાળવું જોઈએ.

શાકાહાર અપનાવવું જોઈએ.

ભોજનમાં ફળ અને સલાડને શામેલ કરવું જોઈએ.

શુદ્ધ આહાર બરાબર સ્વસ્થ હ્રદય

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ભાટસણ પ્રાથમિક શાળામાં બનેલ એન. ફોર ન્યુઝ સ્ટુડિયોનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

સરસ્વતી તાલુકાની ભાટસણ પ્રાથમિક શાળામાં શાળાના શિક્ષક નિલેશભાઈ શ્રીમાળી અને શાળાના આચાર્ય શૈલેષભાઈ સુથાર તથા સમગ્ર સ્ટાફના સહકારથી એન ફોર ન્યુઝ સ્ટુડિયો બનાવવામાં આવ્યો છે જેમાં વિદ્યાર્થીની બહેનો દ્વારા સમાચાર વાંચન કરવામાં આવે છે અને મહાનુભાવોના ઈન્ટરવ્યૂ પણ લેવામાં આવે છે. જે અંતર્ગત સ્ટુડિયો નું ઉદઘાટન કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી નેહલભાઈ રાવલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી એમ.બી મકવાણા પણ હાજર રહ્યા હતા. શાળા પરિવાર અને સ્ટુડિયો ટીમ દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડીને તથા મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સ્ટુડિયોની મુલાકાત લઈને સંતોષ વ્યક્ત કર્યો હતો તથા આ પ્રકારનું ઈનોવેટીવ કામ કરનાર શિક્ષક શ્રી નિલેશભાઈ શ્રીમાળી, આચાર્યશ્રી શૈલેષભાઈ સુથાર તથા સમગ્ર સ્ટાફને અભિનંદન આપ્યા હતા.

- કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના હેતુથી બનાવવામાં આવ્યો છે સ્ટુડિયો.

- શાળામાં અભ્યાસ કરતી દીકરીઓ દ્વારા દરરોજ સમાચારનું વાંચન કરવામાં આવે છે.

- ઈન્ટરવ્યૂ બેઝ્ડ ન્યુઝ સ્ટુડિયો જેમાં મહાનુભાવોનું ઈન્ટરવ્યૂ પણ શાળાની દીકરીઓ દ્વારા કરવામાં આવે છે.

- શાળામાં નિયમિત હોય અને શ્રેષ્ઠ હાજરી ધરાવતી દીકરીઓને અગ્રતા આપવામાં આવે છે, જેના કારણે ગેરહાજરનું પ્રમાણ ઘટ્યું છે.

- સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગત ભાષાકીય અધ્યયન નિષ્પતિઓને ધ્યાનમાં રાખીને સમાચારનું વાંચન દીકરીઓ દ્વારા કરવામાં આવે છે જેમાં ભાષાકીય કેટલીક અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ થાય છે જેમકે આરોહ અવરોસ સાથે વાંચન કરવું, શુદ્ધ ઉચ્ચારો સાથે વાંચન કરવું, સમજીને વાંચન કરવું તથા આત્મવિશ્વાસમાં વધારો વગેરે જેવી બાબતોની સાથે કૌશલ્ય કેળવાય તેનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે.

શાળામાં અભ્યાસ કરતી દીકરીઓનો આત્મવિશ્વાસ જોઈને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી પ્રભાવિત થયા હતા અને સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

## મહાદેવ નગર સોસાયટીના રહીશો દ્વારા ચુંટણીનો બહિષ્કાર

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ શહેરમાં ગાયત્રી મંદિર વિસ્તારમાં આવેલ મહાદેવ નગર સોસાયટીના રહીશો દ્વારા સોસાયટીમાં વરસાદના પાણીના નિકાલ માટે વારવાર પાટણ નગરપાલિકામા લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં આજ દિન સુધી કોઈ પણ જાતનુ નિરાકરણ ના આવતા મહાદેવ નગર ના રહેશો એ આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોઈપણ રાજકીય પક્ષો એ સોસાયટીમાં પ્રવેશ કરવો નહીં તેવા બેનરો લગાડી ચુંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે.

## સિવિલ મેડિસિટી અંગદાન અને પ્રત્યારોપણનું મુખ્ય કેન્દ્ર બની

# સિવિલ મેડિસિટીની તર્જ પર વડોદરા, સુરત અને રાજકોટમાં પણ સિવિલ હોસ્પિટલનું ડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે :- આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલ

અમદાવાદ ,

અમદાવાદ સિવિલ મેડિસિટીમાં કિડની, લીવર, સ્વાદુપિંડ, ગર્ભાશય બાદ હવે હૃદયનું પણ પ્રત્યારોપણ સફળતાપૂર્ણ કરવામાં આવ્યું છે. નવલી નવરાત્રિના પ્રથમ નોરતે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં થયેલા ૯૨મા અંગદાન થકી મળેલા હૃદયનું યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલમાં દાખલ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલમાં પ્રથમ વખત હૃદયનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે.

આ સંદર્ભે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જોયેલા સ્વપ્નના ફળ આજે મળતા થયા છે. એક જ કેમ્પસમાં તમામ મલ્ટીસ્પેશ્યાલિટી સુવિધાઓ ઉપલ્બધ બને તે હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દિશાનિર્દેશ હેઠળ ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ સિવિલ મેડિસિટીનું ડેવલેપમેન્ટ કરવામાં આવ્યું છે. હૃદય, કિડની, કેન્સર, દાંત, આંખ , મહિલાઓ અને બાળરોગ સહિતની તમામ પ્રકારની સુવિધાઓ એક જ મેડિસિટી કેન્દ્રમાં ઉપલબ્ધ બની છે, જેનો લાભ દર્દીઓને સરળતાથી મળી રહ્યો છે.

અમદાવાદ સિવિલ મેડિસિટીની તર્જ પર વડોદરા, સુરત અને રાજકોટમાં પણ સિવિલ હોસ્પિટલ કેમ્પસનુ ડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે.

સિવિલ હોસ્પિટલે આદરેલા અંગદાનના સેવાયજ્ઞના પરિણામે ૨૧ મહિનામાં ૯૨ જેટલા અંગદાન થયા છે. જેમાં મહત્વની વાત એ છે કે, અંગદાનમાં મળેલા અંગોનું સિવિલ મેડિસિટીની જ કિડની ઈન્સ્ટીટ્યૂટમાં કિડની , લીવર, સ્વાદુપિંડ અને યુટ્રસનું પ્રત્યારોપણ




કરવામાં આવતું હતુ. જેમાં વધુ એક પ્રત્યારોપણનો ઉમેરો થઈને સરકારી હોસ્પિટલમાં હૃદયનું પ્રત્યારોપણ પણ હવે શરૂ થયું છે.

સિવિલ હોસ્પિટલના ૯૨મા અંગદાનની વિગતો જોઈએ તો, મૂળ યુ.પી.ના અને ગુજરાતમાં સ્થાયી થયેલા ૨૪ વર્ષના રોહિત એકાએક પડી જતા માથાના ભાગમાં ગંભીર ઈજા થઇ હતી. ઈજા ગંભીર હોવાથી પરિવારજનો તેને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા ત્યારબાદ તેને વધુ સઘન સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલા.

સિવિલ હોસ્પિટલના તબીબોના અથાગ પ્રયાસો બાદ પણ હાલત અતિ ગંભીર બનતાં અંતે ૨૬મી સપ્ટેમ્બરના રોજ તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા.

તબીબો દ્વારા બ્રેઈનડેડ જાહેર કરાયા બાદ સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા પરિવારજનોનું કાઉન્સેલિંગ કરીને અંગદાન માટેની પ્રેરણા આપવામાં આવી.

પરિવારજનોએ પણ અંગદાન માટે સહમતિ દર્શાવતા રોહિતને રીટ્રાઈવલ સેન્ટરમાં લઇ જવામાં આવ્યા.

૮ કલાકની મહેનત બાદ બે કિડની, એક લીવર અને હૃદયનું દાન મળ્યું. જેમાંથી હૃદયને સૌ પ્રથમ વખત સિવિલ મેડિસિટીની જ યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલમાં દાખલ ૧૬ વર્ષના ગાંધીનગરના યુવકમાં પ્રત્યારોપણ માટે મોકલવામાં આવ્યું.

ધોરણ ૧૨માં ભણતા અને ગાંધીનગરમાં રહેતા આ યુવકને છેલ્લા ૧ વર્ષથી હૃદયની ગંભીર બીમારી હતી. તેને પેટમાં સતત દુખાવો રહેતો અને અન્ય તકલીફ હોવાના કારણે યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલમાં તપાસ અર્થે લાવવામાં આવ્યા હતા, જ્યાં તેને જમણી બાજુના હૃદયમાં કાર્ડિયાક માયોપથી અને હૃદયની ગતિવિધિની અનિયમિતતા જોવા મળી એટલે કે હૃદય ફેઈલ થઇ જવાનું નિદાન થયું હતું જેનો એક માત્ર વિકલ્પ હતું પ્રત્યારોપણ.

રાજ્ય સરકાર, સિવિલ હોસ્પિટલ અને SOTTOએ આદરેલા અંગદાન અને પ્રત્યારોપણના યજ્ઞના પરિણામે ફક્ત એક વર્ષના ટૂંકકા ગાળામાં હૃદયરોગની ગંભીર બીમારીથી પીડાઇ રહેલા યુવકને હૃદયનું દાન મળ્યું, જે સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત સંપૂર્ણપણે વિનામૂલ્યે પ્રત્યારોપણ પણ કરવામાં આવ્યું.

અત્રે નોંધનીય છે કે, હૃદય, ફેફસા જેવા અંગોને ગ્રીન કોરિડોર મારફતે પ્રત્યારોપણ માટે મોકલવામાં આવે છે. જે હવે એક જ કેમ્પસમાં પ્રત્યારોપણ માટે પહોંચતું હોવાના કારણે સમગ્ર પ્રક્રિયા વધુ સઘન બની છે.

સિવિલ હોસ્પિટલમા થયેલા ૯૨ અંગદાનમાં ૨૯૧ અંગોનું દાન મળ્યું છે.જેમાં ૧૫૪ કિડની, ૭૮ લીવર, ૯ સ્વાદુપિંડ, ૨૪ હૃદય, ૬ હાથ, ૧૮ ફેફસા, ૨ નાના આંતરડા અને ૫૪ કોર્નિયાનો સમાવેશ થાય છે. જેને ૨૬૯ દર્દીઓમાં સફળતાપૂર્ણ પ્રત્યારોપણ કરીને નવજીવન આપવામાં સફળતા મળી છે.

આ દર્દીના હૃદયનું પ્રત્યારોપણ ડૉ. ચિરાગ દોશી, કાર્ડિયાક ટ્રાંસપ્લાન્ટ સર્જન, કાર્ડિયાક સર્જરી વિભાગના પ્રાધ્યાપક અને વડા દ્વારા કરવામાં આવ્યુ હતું. તેમની સાથે ટીમમાં ડૉ. કાર્તિક પટેલ, ડૉ. પ્રતીક માણેક, ડૉ. આશિષ મડકાઈકર કાર્ડિયાક સર્જન તરીકે સહયોગી બન્યા હતા. કાર્ડિયાક એનેસ્થેટિક તરીકે ડૉ. હેમાંગ ગાંધી, ડૉ. વિશારદ ત્રિવેદી, ડૉ. મૃગેશ પ્રજાપતિ, , ડૉ. સુનિલે ફરજ બજાવી હતી. પ્રફુઝીનીસ્ટ ટ્રેઈન્ડ નર્સીંગ સ્ટાફ અને પેરામેડીકલ સ્ટાફ પણ હૃદયના પ્રત્યારોપણને સર્જરીમાં સાથે જોડાયેલો હતો.

યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ (એન.એ.બી.એચ. એક્રીડીટેડ) દેશની મોટામાં મોટી હૃદયની શૈક્ષણિક સંસ્થા છે, જેમાં ૧૨૫૧ પથારી ઉપલબ્ધ છે. આ કાર્ય યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી અને રીસર્ચ સેન્ટરના ગવર્નિંગ બોર્ડના ચેરમેન તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ (IAS)ના માર્ગદર્શનથી અને સંસ્થાના માનદ નિયામકશ્રી ડૉ. આર.કે. પટેલ, સાહેબના નેતૃત્વમાં થઈ રહ્યું છે.

-અમિતસિંહ ચૌહાણ

## ડોક્ટર સેલ તથા મહિલા મોરચા, ભારતીય જનતા પાર્ટીનું વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા સન્માન

### ૭૫૦ સ્થળે ૭૫૦૦૦ દીકરીઓનો હિમોગ્લોબિન ચેકઅપ

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવા પખવાડિયાનું આયોજન કરવામાં આવેલ.

જે અંતર્ગત ૨૧મી સપ્ટેમ્બરના રોજ રાજ્યના ૭૫૦ સ્થળે ૭૫૦૦૦ દીકરીઓનો હિમોગ્લોબિન ચેકઅપ ડોક્ટર સેલ અને મહિલા મોરચા દ્વારા કરવામાં આવેલ તથા દવાનું વિતરણ કરવામાં આવેલ.

જેથી વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડ્સ લંડન દ્વારા ડોક્ટર સેલ તથા મહિલા મોરચા, ભારતીય જનતા પાર્ટી, ગુજરાત ને પ્રોવિશનલ સર્ટિફિકેટ પ્રદેશ પ્રમુખ્જ સી.આર. પાટિલને ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી,એડવોકેટ,પ્રમુખ, ગુજરાત (વર્લ્ડ બોક ઓફ રેકોર્ડ્સ લંડન) દ્વારા આજ રોજ ડોક્ટર સેલ ના અધ્યક્ષ ડૉ. ધર્મેન્દ્ર ગજ્જર



તથા મહિલા મોરચાના અધ્યક્ષ દિપીકા સરવાડા તથા ઉપપ્રમુખ શ્રદ્ધા રાજપૂત ની ઉપસ્થિતિમાં આપવામાં આવેલ.

સદરહુ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડનનાં ચેરમેન વિલીયમ ચેજલર,તથા ભારતના અધ્યક્ષ શ્રી સંતોષશુકલાએ ડોક્ટર સેલ તથા મહિલા મોરચા, ભારતીય જનતા પાર્ટીને શુભેચ્છા પાઠવેલ.આપી શુભેચ્છાઓ પાઠવેલ.

ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી
એડવોકેટ & સ્પે.પી.પી.
અધ્યક્ષ, ગુજરાત, વર્લ્ડબૂક ઓફ રેકોર્ડ, લંડન
મો. ૯૮૨૫૪૫૦૧૯૧

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવ - ૨૦૨૨ ખુલ્લો મૂક્યો

# ઉત્સવ પ્રેમી ગુજરાતી પ્રજા માટે ઉત્સવમાં શિરોમણી ઉત્સવ એટલે નવરાત્રી : મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ,

અમદાવાદના પ્લ્હ્રઝ ગ્રાઉન્ડ ખાતે આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ - ૨૦૨૨ ખુલ્લો મૂક્યો હતો. નવ દિવસ સુધી શહેરના પ્લ્હ્રઝ ગ્રાઉન્ડ ખાતે ગરબા મહોત્સવ યોજાશે. આ ઉપરાંત, આ નવરાત્રિ મહોત્સવમાં ગરબા સિવાય પણ શહેરીજનો માટે અન્ય ઘણા આકર્ષણો ગુજરાત ટુરિઝમ વિભાગ દ્વારા ઊભા કરવામાં આવ્યા છે, જેમાં અલગ અલગ થીમ પેવેલિયન, અટલ બ્રીજની પ્રતિકૃતિ, ફૂડ કોર્ટ વગેરેનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વિશ્વના સૌથી વધુ દિવસ ચાલતા લોકઉત્સવ નવરાત્રી પર્વની સૌને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, માં આદ્ય શક્તિની ઉપાસના અને ભક્તિમાં લીન બનીને ગરબે ઘુમવાના દિવસો શરૂ થયા છે. કોરોનાના કારણે ૨ વર્ષ પછી ગરબાના રસિયાઓને ગરબે ઘૂમવા મળવાનું છે એટલે સૌના ચેહરા પર આનંદ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગરબો ગુજરાતની વિશિષ્ટ સંસ્કૃતિની ઓળખ છે. આપણા વડાપ્રધાનશ્રી અને આદ્ય શક્તિના પરમ ઉપાસક શ્રી નરેન્દ્ર મોદીજીએ આ ગરબાને ગ્લોબલ બનાવવાની નેમ સાથે વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવની શરૂઆત કરાવેલી. જેના ભાગરૂપે ગુજરાતના ઉત્સવો ખરા અર્થમાં લોક ઉત્સવો અને જન ઉમંગ ઉત્સવ બન્યા છે. આવા લોક ઉત્સવોની ઉજવણીનો અન્ય હેતુ સ્થાનિક સ્તરે રોજગારી પૂરી પાડવાનો પણ છે. આપણા પ્રધાનમંત્રી શ્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ તેમણે તહેવારો સાથે જનભાગીદારી જોડીને ખરા અર્થમાં લોક ઉત્સવોની ઉજવણીની શરૂઆત કરાવી હતી . જેના ભાગરૂપે પતંગોત્સવ, રણોત્સવ, કાંકરિયા કાર્નિવલ, વાઈબ્રન્ટ નવરાત્રી, વાઈબ્રન્ટ ગુજરાત સમિટ જેવા ઉત્સવો વિશ્વ સમક્ષ ગુજરાતની અસ્મિતાના પ્રતીક તરીકે ઊભર્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ વર્ષે આ નવરાત્રી મહોત્સવ સૌ પ્રથમ વાર અંબાજી, ચોટીલા, પાવાગઢ, મોઢેરા, ઉમિયા માતાજી મંદિર, બેચરાજી, માતાનો મઢ, ખોડિયાર માતા મંદિર જેવા પ્રસિદ્ધ તીર્થધામોમાં પણ એકસાથે ઉજવવામાં આવશે . આ વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં શહેરીજનો માટે થીમ પેવેલિયન, ક્રાફ્ટ બજાર, આનંદ નગરી, બાળ નગરી, ફૂડ સ્ટોલ, રાજ્યકક્ષાની ગરબા સ્પર્ધા, પરંપરાગત વેશભૂષા જેવા અનેરા આકર્ષણો અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ઉત્સવ પ્રેમી ગુજરાતી પ્રજા માટે ઉત્સવમાં શિરોમણી ઉત્સવ એટલે નવરાત્રી.આધુનિક આયોજનો સાથે નવરાત્રિના પરંપરાગત આયામો પણ જળવાઈ રહે એ માટે રાજ્ય સરકાર સમૂહ શેરી ગરબાના આયોજનને પણ પ્રોત્સાહન આપે છે. પ્રધાનમંત્રીશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે અમૃતકાળના આપેલા પાંચ સંકલ્પો પૈકી એક સંકલ્પ આપણા પ્રાચીન વારસા, આપણી સંસ્કૃતિ અને પરંપરા પર ગર્વ કરવાનો અને આપની ધરોહરને જાળવી રાખવાનો છે. દેવી શક્તિની આરાધનાતો ભારતની પ્રાચીન પરંપરાઓમાંની એક છે. નવરાત્રી જેવા ઉત્સવ આપણને નવી ઊર્જા અને સામાજિક એકતાનો આગવો પરિચય આપે છે. આ વર્ષે ભારત સરકારે યુ.એન. કલ્ચર હેરિટેજ ટેગ માટે ગુજરાતના ગરબાને નોમીનેટ કર્યાં છે જે આપણી વિરાસતનું ગૌરવ ગાન છે. ગુજરાતની બધીજ સિદ્ધિઓ ઉપલબ્ધિઓ આદ્યશક્તિ મા જગદંબાના આશિષ અને આદરણીય નરેન્દ્રભાઈના અથાગ પરિશ્રમનું પરિણામ છે. નવરાત્રિનું પર્વ આપણામાં જોશ અને જોમ ભરે છે અને આપણે દેશસેવા ના કાર્યોમાં સમર્પિત બનીએ. આપણે સૌ માં આદ્ય શક્તિની ભક્તિમાં લીન બનીએ અને એક બની, નેક બની ગુજરાત અને ભારતને ઉન્નત બનાવીએ તેવી અભ્યર્થના હું પાઠવું છું .આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા મંત્રીશ્રી પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું કે, આસુરી શકતી પર દૈવી શક્તિના વિજયતેમજ અધર્મ પર ધર્મના વિજયની ઉજવણી એટલે નવરાત્રિ પર્વ. દ્વાપર યુગમાં કૃષ્ણ ભગવાન અને ત્રેતા યુગમાં ભગવાન શ્રી રામ આસુરી શક્તિઓનો વધ કરવા અને ધર્મ ની સ્થાપના કરવા માટે તેમજ અધર્મીઓનો નાશ કરવા માટે અવતર્યા હતાં. રાવણ સાથે ૯ દિવસ સુધી યુદ્ધ ચાલ્યા બાદ ૧૦ મા દિવસે રાવણ નો વધ થયો હતો.



ત્યારથી ત્રેતા યુગ થી હિન્દુસ્તાનમાં ૯ દિવસ સુધી ગરબા અને દસમા દિવસે દશેરા યોજાય છે. ત્યારથી લઈને આજસુધી માતાજી ની ઉપાસના કરતું આ નવરાત્રી પર્વ યોજાય છે. ભારતીય સંસ્કૃતિની ઓળખસમુ આ પર્વ માતાજીની આરાધના અને ઉપાસનામાં લીન થવાનું પર્વ છે.માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર પવિત્ર યાત્રાધામોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. અંબાજી, સોમનાથ, દ્વારકા, પાવાગઢ, ડાકોર, જૂનાગઢ, પાલીતાણા , શામળાજી જેવા પવિત્ર યાત્રાધામોનો વિકાસ રાજ્ય સરકારના પવિત્ર યાત્રાધામ વિભાગ દ્વારા કરવામાં આવે છે. રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા રણોત્સવ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, નડાબેટ, સાપુતારા, સાસણ ગીર , સોમનાથ વગેરે પ્રવાસન સ્થળોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. ધાર્મિક ભક્તિને ધાર્મિક શક્તિમાં રૂપાંતરિત કરવા સરકાર કટિબદ્ધ છે.

આ પ્રસંગે સહકાર અને માર્ગ- મકાન રાજયમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, પ્રવાસન રાજયમંત્રીશ્રી અરવિંદ રૈયાણી, ધારાસભ્યશ્રી અ ો , સાંસદસભ્યશ્રીઓ, રાજયના ચીફ જસ્ટિસશ્રી અરવિંદ કુમાર, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન સેહરા, પ્રવાસન વિભાગના પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વિરમગામના વિવેકાનંદ ટાઉન હોલ ખાતે વિરમગામ-માંડલ-દેત્રોજ ના યુવાનોનો રોજગાર નિમણુંક અને એપ્રેન્ટીસશિપ કરારપત્ર નો વિતરણ કાર્યક્રમ યોજાયો

વિરમગામ,

વિરમગામ શહેરના સ્વામી વિવેકાનંદ ટાઉન હોલ ખાતે આજે ગુજરાત ના સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગના કેબિનેટ મંત્રી પ્રદીપભાઈ પરમાર ના હસ્તે યુવાનોને

રોજગાર નિમણુંક અને એપ્રેન્ટીસશિપ કરારપત્ર નો વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિરમગામ-માંડલ-દેત્રોજ તાલુકાના રોજગારવાંછું ૬૦ થી વધુ યુવાનો નું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું અને ૨૧ જેટલા યુવાનોને વિવિધ કેટેગરીના વિભાગ માં નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

અત્રો ઉલ્લેખનીય છેકે ગુજરાતમાં હાલ પ્રતિવર્ષ રોજગારી માંગતા યુવાન-યુવતીઓ ની સંખ્યામાં હજારોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે અને પરિણામે લાખો લોકો રોજગારી માટે વલખાં મારી રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા ૩ લાખની વસ્તી ધરાવતા વિરમગામ-માંડલ-દેત્રોજ ના ૨૧ જેટલા યુવાનોને જાહેર કાર્યક્રમ દ્વારા નોકરી અંગેના નિમણુંકપત્ર એનાયત કર્યા હતા જે ગુજરાત સરકાર દ્વારા યુવાનોને રોજગાર પુરી પાડવાનું લક્ષ્યાંકનો વાસ્તવિક આંક સૂચવે છે.



**કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ગાંધીનગર જિલ્લાના કલોલમાં બે આધુનિક હોસ્પિટલોનો શિલાન્યાસ અને ભૂમિપૂજન**

## રાજકોટમાં માથું ઉચકતો રોગચાળો, ડેન્ગ્યુના કેસમાં મોટો ઉછાળો

રાજકોટ,તા.૨૭

ચોમાસા બાદ રાજયમાં પાણીજન્ય રોગમાં વધારો થયો છે. ડેન્ગ્યુ, મેલેરિયા જેવા કેસથી રાજ્યની હોસ્પિટલો ઉભરાઈ રહી છે. ત્યારે રાજકોટમાં ડેન્ગ્યુના કેસમાં વધારો જોવા મળ્યો છે. છેલ્લા એક સપ્તાહમાં ડેંગ્યુના ૧૭ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં સિઝનના ૧૦૪ કેસ નોંધાયા છે. રેપીડ ટેસ્ટ માન્ય ન હોવાથી આંકડામાં વિસંગતા જોવા મળી રહી છે. જીલ્લામાં ડેન્ગ્યુના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે.રાજકોટ શહેરમાં પાણીજન્ય રોગોએ માથું ઊંચક્યું છે. છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૧૭ કેસ, મેલેરીયા ૨ કેસ, ચિકનગુનિયા ૨ કેસ, શરદી ઉધરસ નબળાઈના ૨૫૩ કેસ, તાવના ૪૯ કેસ તેમજ ઝાડા ઉલટીના ૮૭ કેસ નોંધાયા છે.

કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા હતા.

# અમેરીકાના કેલિફોર્નિયા ના ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ GSFC ના સભ્યો એ ઉજવી સમર પાર્ક પીકનીક





કેલિફોર્નિયા,

કેલિફોર્નિયાના ઓરેન્જ કાઉન્ટીના ગ્રીજરવા પાર્ક માં સમર પીકનીક માટે લગભગ ૩૦ થી ૩૫ સભ્યો પોત-પોતાની વાનગી સાથે લગભગ સવારે ૧૧-૦૦ વાગે આવી ગયા હતા...

આજના આ કાર્યક્રમમાં દલાસ થી ' ગુજરાત દર્પણ ' ના શ્રી સુભાષભાઈ શાહ અને શ્રી મતિ ઉમાબેન શાહ મુખ્ય મહેમાન હતા.... કાર્યક્રમની શરૂઆતમાં GSFC ના શ્રી હર્ષદભાઈ શાહે શ્રી સુભાષભાઈ શાહ અને શ્રી મતિ ઉમાબેન શાહ નો પરીચય આપી શાબ્દિક સ્વાગત્ત કર્યું અને GSFC ના સભ્યો નો પરીચય આપ્યો...શ્રી સુભાષભાઈ શાહે હાજર સૌને વેલ-કમ આઈસ્ક્રિમ પીરસ્યો.

સંસ્થાના શ્રી જગદીશભાઈ પટેલે સિનીયરોની હેલ્થ માટે જરૂરી માહિતી માટેનું પર્સનલ કાર્ડ બનાવવા અંગે માહિતી આપી સૌને જાગૃત રહેવા સમજ આપી.

શ્રી સુભાષભાઈ એ " ગુજરાત દર્પણ ની પ્રવ્રુતિ ની માહિતી આપી અને ન્યુ જર્સી વાળા શ્રી સુભાષભાઈ શાહ ના ધર્મ પત્નિ સ્વ. ભગવતીબેન શાહ ના સ્મણાર્થે ભરત ખાતે અત્રે ના યુશ-કપડા ના પ્રોજેક્ટ ની માહિતી આપી અને જણાવેલ કે હવે આપ જયારે ભારત જાવ ત્યારે અત્રોના યુશ કપડા જરૂર લેતા જશો જેથી જરૂરીયાત મંદોને નજીવી કિંતતે આપી એક ઉમદા સેવા કરી શકાય...આ માટે આપ વધુ માહિતી માટે શ્રી સુભાષ શાહ (ન્યુજર્સી) ૭૩૨ ૮૭૫ ૮૬૮૮ અને કાન્તિભાઈ મિસ્ત્રી (કેલિફોર્નિયા ) ૭૧૪ ૨૭૧ ૪૧૦૦ પરથી વધુ માહિતી મળી શકશે.કાર્યક્રમના અંતમા ય્જીહ્લઝ ના શ્રી ગુણવંતભાઈ પટેલે હાજર સૌનો આભાર માન્યો..

( માહિતી અને તસ્વિર :- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા.)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.